**આનંદાલય**

**અર્ધવાર્ષિક મૂલ્યાંકન કસોટી**

**ધોરણ – ૭**

**વિષય : ગુજરાતી** **કુલ ગુણ : 30**

**તા: ૧૨.૦૯.૨૦૨૪** **સમય : ૧ કલાક 30 મિનિટ**

**પ્રશ્ન:૧ નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર વિકલ્પમાંથી શોધીને લખો.** **૧×૪=૪**

૧ કોની પુણ્યભૂમિ ઉપર સુવર્ણ પ્રભાત ઊગ્યું છે ?

ક) બાપુની ખ) બાની ગ) પિતાની ઘ) દાદાની

૨ 'ખમ્મા' શબ્દ કોના મુખેથી સરી પડે છે ?

ક) મમતાના ખ) પિતાના ગ) માતાના ઘ) બાળકના

3 છોકરો શાળામાં કઈ રમતની પ્રેક્ટિસ કરવા નિયમિત આવે છે ?

ક) ચક્રફેંક ખ) ગોળાફેંક ગ) બાસ્કેટબોલ ઘ) ફૂટબોલ

૪ કવિ કોની યશગાથા સ્વર્ણ અક્ષરે લખશે ?

ક) વિશ્વ ખ) ગુજરાત ગ) રાજાઓની ઘ) ડાકુઓની

**પ્રશ્ન:૨ નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક બે વાક્યમાં લખો.** **૧×૫=૫**

૧ અકબર બાદશાહે બીરબલને કેરી ખાતા જોઈ ક્રોધથી શું વિચાર્યું ?

૨ છોકરો ફાઈનલ મેચમાં કેવું રમ્યો ?

3 'જય જય ગરવી ગુજરાત' કાવ્યમાં ગુજરાતના કયા કયા સ્થળોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ?

૪ 'તને ઓળખું છું માં !' કાવ્યમાં કવિએ કેવી રીતે માતાની પરકમ્મા કરવા કહ્યું છે ?

૫ સરદાર પટેલ ધન્યવાદને પાત્ર કેમ છે ?

**પ્રશ્ન:3 નીચે આપેલા પ્રશ્નોના જવાબ મુદ્દાસર લખો.** **૨×3=૬**

૧ છોકરાએ પોતાના પિતા વિશે કોચને શું કહ્યું ?'પ્રેરણા સ્ત્રોત' પાઠને આધારે લખો.

૨ બીરબલે અકબરની માફી માંગતા શું કહ્યું ?

3 'જય જય ગરવી ગુજરાત 'કાવ્યમાં આવતા કવિઓનાં નામની યાદી લખો.

**પ્રશ્ન:૪ સુચના મુજબ લખો**

**(અ) નીચે આપેલી ખાલી જગ્યા યોગ્ય શબ્દ વડે પૂરો.** **૧×૪=૪**

૧ છોકરો જયારે રમત રમતો ત્યારે.......... એની રાહ જોતા મેદાનના ખૂણામાં બેસી રહેતા હતા.

૨ બીરબલ મધુર ..................... મેળવી ખૂબ પ્રસન્ન થયો.

૩ ‘વૈષ્ણવજન’ કાવ્યના રચનાકાર................ છે.

૪ હંમેશા જે માતાને પોતાની આંખો સામે ન પામી શકે તેને કવિ ........ કહે છે

**(બ) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.** **૧×૪=૪**

૧) આજીજી   ૨) રાજા   ૩) માતા   ૪) શાળા

**(ક) નીચે આપેલા શબ્દોની સાચી જોડણી લખો.** **૧×૨=૨**

૧) અભાગિ   ૨) અંબીકા

**પ્રશ્ન:૫ નીચે આપેલ ગદ્યાંશ વાંચીને પ્રશ્નોનાં જવાબ લખો.** **૧×૫=૫**

એક ખેડૂત હંમેશા એક પાઉન્ડ માખણ બેકરીમેનને વેચતો હતો. તે ખેડૂત હંમેશા સવારે તે બેકરીમાં આવતો અને તેને એક પાઉન્ડ માખણ આપતો. એકવાર બેકરીમેને વિચાર્યું કે તે હંમેશા એના પર વિશ્વાસ કરીને માખણ લે છે. કેમ ના હું આજે પોતે આ માખણ તોલીને જોવું ? આનાથી તે જાણી શકે છે કે તેને સંપૂર્ણ માખણ મળી રહ્યું છે કે નહીં ? જ્યારે બેકરીમેને માખણનું વજન કર્યું, ત્યારે માખણનું વજન થોડું ઓછું નીકળ્યું. બેકરીમેન ગુસ્સે થઈ અને ખેડૂત સામે કેસ દાખલ કર્યો. મામલો કોર્ટ સુધી પહોંચ્યો. ખેડૂતને ન્યાયાધીશ સમક્ષ રજૂ કરાયો હતો.

ન્યાયાધીશે તે ખેડૂતને પ્રશ્ન પૂછવાનું શરૂ કર્યું . ન્યાયાધીશે પૂછ્યું કે તે માખણનું વજન કરવા માટે ક્યાં વજન કાંટા નો ઉપયોગ કરે છે? ખેડૂતે જવાબ આપ્યો, "મારી પાસે વજન કરવા માટે વજન કાટો નથી. તેમ છતાં હું માખણ તોલું છું. ન્યાયાધીશે આશ્ચર્યમાં પૂછે છે તમે વજન કાંટા વગર માખણનું વજન કેવી રીતે કરો છો?

આ અંગે ખેડૂતે જવાબ આપ્યો કે તે લાંબા સમયથી આ બેકરીમાંથી એક પાઉન્ડ બ્રેડનો લોટ ખરીદી રહ્યો છે. આ બેકરીવાળો હંમેશા તેને આપે છે અને હું તેનું વજન કરીને તેને સમાન વજનનું માખણ આપું છું. ખેડૂતનો આ જવાબ સાંભળીને બેકરીમેન હેરાન થઈ ગયો. આ બેકરીવાળાની જેમ, આપણે આપણા જીવનમાં અન્યને જે આપીએ છીએ તે મેળવીએ છીએ. એકવાર તમે વિચારો કે તમે બીજાને શું આપી રહ્યા છો, કપટ, દુ: ખ, પ્રામાણિકતા, જૂઠ કે વફાદારી.

૧ એક દિવસ બેકરીમેને શું વિચાર્યું ?

૨ ન્યાયાધીશે ખેડૂતને કયો પ્રશ્ન પૂછ્યો ?

૩ ખેડૂત લાંબા સમયથી બેકરીમાંથી શું ખરીદી રહ્યો હતો ?

૪ બેકરીમેન શું સંભાળીને હેરાન થઇ ગયો ?

૫ આ ગદ્યાંશમાંથી શું શીખ મળે છે તે તમારા શબ્દોમાં લખો.